प्रेस प्रकाशनी PRESS RELEASE

भारतीय रिज़र्व बैंक
RESERVE BANK OF INDIA

वेबसाइट : www.rbi.org.in/hindi
Website : www.rbi.org.in
ई-मेल/email : helpdoc@rbi.org.in

**संचार विभाग,** केंद्रीय कार्यालय, एस.बी.एस. मार्ग, फोर्ट, मुंबई - 400 001
**Department of Communication**, Central Office, S.B.S. Marg, Fort, Mumbai - 400 001
फोन/Phone: 022 - 2266 0502

22 જુલાઈ 2022

## આરબીઆઈ બેંકો પાસે રહેલી બિનદાવાકૃત થાપણો (unclaimed deposits) માટે સાવધ રહેવાનું જણાવે છે

10 વર્ષથી જે બચત / ચાલુ ખાતાઓમાં કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં નથી આવ્યો તેમાં તેમાં રહેલી સિલકો (balances) અથવા બાંધી મુદતની જે થાપણો માટે પાક્યા તારીખથી 10 વર્ષ સુધીમાં કોઈ દાવો કરવામાં નથી આવ્યો તેવી થાપણોને “બિનદાવાકૃત થાપણો (unclaimed deposits)” તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. આવી રકમોને ભારતીય રિઝર્વ બેંક દ્વારા રાખવામાં રાખવામાં આવતા “થાપણદાર કેળવણી અને સભાનતા (Depositor Education and Awareness (DEA)” ભંડોળ ખાતે બેંકો દ્વારા તબદીલ કરવામાં આવે છે. તેમ છતાં પણ, જે બેંકોમાં થાપણદારોએ પોતાની થાપણો રાખી હતી, તે બેંકોમાંથી તેઓ મોડેથી પણ લાગૂ પડતા વ્યાજ સાથે તે થાપણો પરત મેળવવા માટે હક્કદાર છે. તેમ છતાં પણ, બેંકો અને આરબીઆઈ દ્વારા વખતોવખત લોક જાગરૂકતા ઝૂંબેશો આદરવા બાદ પણ, બિનદાવાકૃત થાપણોની રકમો વધવાનું વલણ દર્શાવે છે.

થાપણદારો જે બચત / ચાલુ ખાતાઓ ચલાવવાનો ઇરાદો નથી ધરાવતા તેવા ખાતાઓ બંધ નહીં કરાવવાને કારણે અથવા પાકી ગયેલી બાંધી મુદતની થાપણોના નાણાં પરત મેળવવા માટેના દાવા નહીં કરવાને કારણે, મોટા ભાગે બિનદાવાકૃત થાપણોનું કદ વધતું જાય છે. મૃત થાપણદારોના ખાતાઓના એવા કિસ્સા પણ છે, જેમાં તેમના નામિતો (nominees) / કાયદેસરના વારસદારો સંબંધિત બેંકોમાં પોતાનો દાવો કરવા માટે આગળ ન આવતા હોય. આવા થાપણદારો અને મૃત થાપણદારોના નામિતો (nominees) / કાયદેસરના વારસદારો પોતાની આવી થાપણોને ઓળખી શકે અને દાવો કરી શકે તે માટે તેમને મદદરૂપ થવાના હેતુથી, બેંકોએ પહેલેથી જ તેમની વેબસાઇટ પર ઓળખી શકાય તેવી વિગતો સહિત બિનદાવાકૃત થાપણોની સૂચિ મૂકેલી છે. જનતાના સદસ્યોને પોતાની આવી થાપણો ઓળખી, સંબંધિત બેંક પાસે પોતાનો દાવો કરવા માટે પ્રોત્સાહિત પ્રોત્સાહિત કરવામાં આવે છે.

**(યોગેશ દયાલ)**
મુખ્ય મહાપ્રબંધક

**પ્રેસ પ્રકાશની: 2022-2023/S84**